**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૫૪ ટકા

# શહેરમાં યોજાઈ મીની મેરેથોન

## 'સ્વચ્છ' ગાંધીનગરના માર્ગો પર 'સ્વસ્થ' નાગરિકો વહેલી સવારે દોડયાં : એસબીવાયપી યુથ એન્ડ આરબી સેવાદળ આયોજિત મીની મેરેથોનમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા : દેવેન્દ્રસિંહ ચાવડાના હસ્તે દોડવીરોને પ્રમાણપત્રો એનાયત કરાયાં





ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના 'ઘ' માર્ગ પર આજે વહેલી સવારે 'સ્વચ્છ ગાંધીનગર-સ્વસ્થ ગાંધીનગર'ના સંદેશ સાથે મોટી સંખ્યામાં યુવાનો સાથે દોડવીરોએ મીની મેરેથોનમાં ભાગ લીધો હતો. 'ઘ' માર્ગ પરના ઘ-૧ સર્કલેથી શહેરની મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ મીની મેરેથોનને લીલી ઝંડી બતાડી પ્રસ્થાન કરાવ્યું હતું. ઘ-૧થી શરૂ થયેલી મીની મેરેથોન ઘ-૩ પથિકાશ્રમથી યુ ટર્ન લઈ ઘ-0 ઈન્ફોસિટી સર્કલ સુધી ગયા બાદ ત્યાંથી પ્રારંભ સ્થળે પરત પરી હતી. કુલ ૫ કિમીના આ રૂટ પર શહેરના યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા તે સાથે કેટલાંક બાળકો અને વડિલો પણ મેરેથોનમાં દોડતા જોવા મળ્યા હતા. મીની મેરેથોનમાં મહિલા દોડવીરોની સંખ્યા નોંધપાત્ર રહી હતી અને શહેરમાં ચાલી રહેલી શીત લહેરના વાતાવરણમાં રવિવારની વહેલી સવાર હોવા છતાં સમગ્ર 'ઘ' માર્ગ તાજગી અને સ્ફૂર્તિમય બની જવા પામ્યો હતો. મીની મેરેથોનનું આયોજન એસબીવાયપી યુથ એન્ડ આરબી સેવાદળ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મીની મેરેથોનના સમાપને દોડવીરોને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે દેવેન્દ્રસિંહ ચાવડા, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ સહિત અગ્રણીઓ-આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.





વિસનગરા નાગર પરિવાર દ્વારા સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો.

## આગામી શનિવારે 'સૂર વંદના' કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના ઉગતા યુવા કલાકાર પૃથ્વીરાજસિંહ રાઠોડ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના સહયોગથી આગામી તા. ૪થી જાન્યુઆરી શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સે-૧૭માં ટાઉનહોલ ખાતે સૂરવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે શહેરના મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, સંગીત નાટય અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ, સભ્ય સચિવ જયોતિષ ભટ્ટ, હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમના ચેરમેન શંકરભાઈ દલવાડી, પૂર્વ સાંસ્કૃતિક મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, મહિલા બાળ વિકાસ કચેરીના નાયબ નિયામક ઈલાબા રાણા, સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળના પ્રમુખ તખતસિંહ પરમાર તથા ઈએનટી તબીબ ડૉ. યશવંત છાંટબાર ઉપસ્થિત રહેશે.

સૂર વંદના કાર્યક્રમમાં દેવાંગ કોષ્ટિના લાઈવ ઓરકેસ્ટ્રા સાથે સતુભા રાઠોડ, પૂર્ણિમા ભટ્ટ, પૃથ્વીરાજસિંહ રાઠોડ સહિત શહેરના ઉગતા કલાકારો નરેન્દ્રસિંહ ગોહિલ, હિમાંશુ પુરોહિત, રીના પુરોહિત, રાજેશ મારૂ, રણજીતસિંહ ઝાલા, જય મિસ્ત્રી, રીઝવાન અને ઋષિરાજ પરમાર પરફોર્મન્સ આપશે. કાર્યક્રમમાં પ્રેક્ષકોને વિના મૂલ્યે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો મન કી બાત કાર્યક્રમ વોર્ડ-૧, સેક્ટર-૨૭ ખાતે ઉપપ્રમુખ ઉરેન પટેલના ઘરે નિહાળવામાં આવ્યો જેમાં ઉપપ્રમુખ અમૃતભાઈ દેસાઈ, વોર્ડ પ્રમુખ ઉમેશ જહાં, વોર્ડ મહામંત્રી વિજય શાહ આગેવાનો જીલુભા, પ્રદીપ પટેલ, નિકુંજ શુકલ, નીતિન પ્રજાપતિ, લાલભાઈ, વિરલ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.




ગાંધીનગરના જાણીતા કવિ અને સાહિત્યકાર સ્વ. ભરત કવિ 'ઉર્મિલ'ને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બ્રહ્માણી હોલ સેકટર-૨૩ ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગઢવી ચારણ સમાજ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યકારો, અગ્રણીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# દૂધવાળાની દિકરીને અપનાવનાર દંપતિની ઘડપણની લાકડી એજ દિકરીનો પરિવાર બન્યો...!!

## સરકારી કર્મચારી એવા નિઃસંતાન ત્રિપાઠી દંપત્તિને માતા સાથે દૂધ આપવા આવતી દિકરી પર સ્નેહ ઉભરાતા તેને પોતાની દિકરી બનાવી લીધી : દિકરીને ઉછેરી ભણાવી પરણાવી પછી એજ દિકરીના પરિવારે નિવૃત્તિ પછી તેમને સાચવી પોતાની ફરજ નિભાવી




ગાંધીનગર, તા.૨૯

ભારતમાં ગુજરાત જેવા સુવિકસિત રાજય સહિત અનેક રાજયમાં પુત્ર મોહમાં અંધ પરિવારો દ્વારા કન્યાભ્રુણ હત્યાના દૂષણે એટલી હદે પરિસ્થિતિને વણસાવી દીધી છે કે માજમાં હવે તેમના દિકરાઓ માટે સમાજની પુત્રવધુ શોધવાના ફાંફા પડી રહ્યા છે. હવે સરકાર દ્વારા પણ રાષ્ટ્રમાં અસંતુલિત બનેલા પુરુષ-મહિલા રેશિયોને સુધારવા 'બેટી બચાવો-બેટી વધાવો' જેવા અભિયાનો હાથ ધરવા પડયાં છે. પરંતુ ગાંધીનગરમાં જ વર્ષો પહેલા એક એવું સરકારી કર્મચારી યુગલ હતું જેણે પોતાના ઘરે દૂધ આપવા આવતા માલધારી પરિવારની નાનકડી દિકરીને તેના મા-બાપની સંમતિથી પોતાની સાથે રાખીને ઉછેરીને ભણાવી-ગણાવી મોટી કરી દિકરીના જ મૂળ સમાજના રીત રિવાજ મુજબ પરણાવી હતી. અંતે એ નિઃસંતાન દંપતિની ઘડપણની લાકડી પણ તેમણે ઉછેરેલી દિકરી અને તેનો પરિવાર જ બન્યો હતો. અને આજે પણ દંપતિના અવસાન બાદ તેમના કુટુંબ સમાજ સાથે તે જ હેસિયતથી વ્યવહાર પણ સાચવે છે.

ઉત્તરપ્રદેશના લલિતપુરાના મંદિરોમાં પૂજા કાર્ય સાથે સંકળાયેલા બ્રાહ્મણ સમાજના ભગવત નારાયણ ત્રિપાઠી જયારે બૃહદ મુંબઈ રાજયમાં સરકારી કર્મચારી તરીકે કાર્યરત હતા ત્યારે તેમને ત્યાં મૂળ કચ્છના મુન્દ્રાનો બ્રાહ્મણ પરિવાર જે મુંબઈમાં સ્થાયી થયેલ હતો તેની દીકરી અને એ પણ સરકારી કર્મચારી એવી રજનીબેન સાથે પ્રણય સંબંધ બંધાતા બંનેએ પ્રેમલગ્ન કર્યા હતા. નવનિર્માણ પછી અલગ થયેલા ગુજરાત રાજયનો પગલે પહેલા અમદાવાદ અને પછી ગાંધીનગર આવીનો વસેલા ત્રિપાઠી દંપતિનો સેકટર-૧૬માં ઘ ટાઈપનું સરકારી આવાસ મળ્યું હતું. જેની નજીક છાપરાં બાંધીને રહેતા પશુપાલક દેસાઈ પરિવારને ત્યાં તેમણે રોજનો દૂધના વારો બંધાવ્યો હતો. પશુપાલક મોતીભાઈ દેસાઈના પત્નિ લીલાબેન તેમના પાંચ સંતાનો પૈકી બીજા નંબરની દિકરી કાન્તાને લઈને જયારે ત્રિપાઠી સાહેબના ઘરે દૂધ આપવા જતા ત્યારથી આ દંપતિને તે દિકરી ખૂબ વ્હાલી લાગતી હતી. રજનીબેન દૂધ આપવા આવતા લીલાબેન વારંવાર આગ્રહ કરતાં કે જયારે અમે બંનો સવારે ઓફિસ જઈએ તે પહેલા અને સાંજે ઓફિસેથી આવીએ ત્યારે આ દિકરીને તમારે અહીં મોકલવી અને માંડ ચાર પાંચ વર્ષની આ દિકરી કાન્તા સાથે રહીને દંપતિને સારો એવો ઘરોબો બંધાઈ ગયો હતો. ધીમે ધીમે આ દિકરી કયારેક એમના ઘરે જ રાતવાસો પણ કરવા લાગી અને પરિવારના સભ્યની જેમ જ રહેવા લાગી હતી. કાન્તા ત્રિપાઠી સાહેબને 'સાહેબ' અને રજનીબેનને 'બેન' કહીને બોલાવતી હતી. ત્રિપાઠી દંપતિએ કાન્તાના પરિવાર સમક્ષ દિકરી એમને જ આપી દેવા પ્રસ્તાવ મુકયો જેનો દેસાઈ પરિવારના નજીકના સગા સંબંધીઓના વિરોધ છતાં પોતાની દિકરીનું ઉજળું ભાવિ ભાળી ગયેલા લીલાબેનો 'મારી દિકરીને ગરીબાઈથી મુકત કરવી છે' તેવા નિર્ધાર સાથે ત્રિપાઠી દંપતિ સાથે દિકરીને રહેવાની અનુમતિ આપી હતી.

થોડાક સમયમાં ત્રિપાઠી સાહેબની બદલી અમદાવાદ થતા આંબાવાડી 'એલ' કોલોનીમાં રહેવા ગયા ત્યારે તેમની સાથે કાન્તાને પણ લઈ ગયેલા ત્રિપાઠી દંપતિએ કાન્તાને સ્કૂલમાં એડમિશન કરાવી ભણાવવાનું પણ શરુ કરાવી દીધું હતું. ત્રિપાઠી દંપતિએ પોતાની દિકરીની જેમ જ પરિવારમાં સામેલ કરી કાન્તાને ઉત્તરપ્રદેશમાં સામાજિક પ્રસંગોએ કે પોતાના હરવા ફરવા માટે બહારગામ જવામાં પણ કાન્તાને સાથે જ રાખી પોતાના પરિવારમાં પણ સ્વીકૃત કરાવી દીધી હતી. કાન્તા જયારે દસમાં ધોરણમાં આવી ત્યારે ફરી ત્રિપાઠી દંપતીની ગાંધીનગર બદલી થતા ફરી સેકટર-૧૬માં એજ કવાટર્સમાં રહેવાનુ થયું હતું અને કાન્તાએ ગાંધીનગરમાં ધો-૧૧ સુધીનો અભ્યાસ પર્ણ કર્યો. આમ તો કાન્તાને પોતાના સમાજમાં પરણાવવા ઈચ્છતા ત્રિપાઠી સાહેબો કાન્તાના માતા લીલાબેનની શરત મુજબ દેસાઈ સમાજમાં તેમના રિત રિવાજ મુજબ સાગર દેસાઈ સાથે લગ્ન પણ કરાવ્યા એટલું જ નહી તેમનું આણું જીયાણું જેવા તમામ પ્રસંગો કરી આપવા સાથે કાન્તાબેનની બબ્બે પ્રસુતિ સુધ્ધાં કરાવી હતી અને દોહિત્રોનો ઉછેર પણ પોતાના બાળકોની જેમ કર્યો હતો. મોટા દોહિત્રનું નામ 'પ્રશાંત' પણ રજનીબેને તેના પિતાનું નામ સાગર હોવાથી રાખ્યું હતું. પ્રશાંતને તેઓ લાડમાં 'બચુજી' કહેતા અને નાના ધવલને 'ચક્કી' કહેતા હતા. બંનો બાળકો પણ માતા પિતાની જેમ તેમને 'બેન' અને ત્રિપાઠી સાહેબને 'સાહેબ' જ કહેતા હતા. પ્રશાંતના આગમન પછી ત્રિપાઠી સાહેબનો ગુસ્સાવાળો સ્વભાવ પણ શાંત અને માયાળુ બની ગયો હતો. કાન્તાબેન યાદોને વાગોળતા કહે છે કે 'જયારે અમદાવાદ એલ કોલોનીમાં રહેતા ત્યારે હું થોડા દિવસ પિતાના ઘરે ગાંધીનગર રહેવા આવી હતી ત્યારે આંબાના ઝાડ પરથી પડી જતા પગે ફ્રેકચર થયું હતું. આ સમાચાર 'બેન'ને મળતા તુરંત અહીં આવી મને તેમની સાથે અમદાવાદ લઈ જઈ સારી હોસ્પિટલમાં મારી સારવાર કરાવી હતી.' ત્રિપાઠી દંપતિ ખૂબ ધાર્મિક અને પૂજા પાઠ કરવા વાળું હોવા સાથે તેમને વાંચનનો ઘણો શોખ હતો. તેમણે કાન્તાબેનના પરિવાર માટે સેકટર-૨માં એક પ્લોટ ખરીદીને ભેટમાં આપ્યો હતો. આ પ્લોટ પર જયારે કાન્તાબેનો ઘર બાંધવાની શરૂઆત કરી તેવામાં જ નિવૃત્ત થયેલા ત્રિપાઠી સાહેબ જયારે પોતાના વતનમાં હતા ત્યાં હાર્ટએટેક આવતા તેમનું અવસાન થયું હતું. આ પછી રજનીબેનો બાકીની જિંદગી કાન્તાબેનના પરિવાર સાથે ગુજારી હતી અને તેમના દિકરાઓને પોતાના દોહિત્ર માની ઉછેર્યા હતા. વર્ષ ૨૦૧૦માં રજનીબેનને બ્રેસ્ટ કેન્સર થતાં તેની સારવારમાં કાન્તાબેનના પરિવારે કોઈ કચાશ છોડી નહોતી અને તેમને ઓપરેશન કરાવ્યું હતું. આ પછી ચાલુ વર્ષે ગત ઓગસ્ટ માસમાં રજનીબેનનું ૮૧ વર્ષની વયે અવસાન થયું હતું. આ પછી 'બેન'ને ભુલાવી ના શકેલા પરિવારના નાના દિકરા 'ધવલે' પોતાના મોટા ભાઈ પ્રશાંતના જન્મદિને 'બેન'ના ઉપકારો વર્ણવતો હૃદયસ્પર્શી પત્ર લખી પોતાની લાગણીઓ ઠાલવી હતી. આજે પણ કાન્તાબેનના પોત્રો સહિતનો સમગ્ર પરિવાર 'સાહેબ' અને 'બેન'ને તેમના જીવનના ઉધ્ધારક માનીને પૂજે છે અને ત્રિપાઠી પરિવારના સંતાન બનીને સામાજિક વ્યવહારો પણ સાચવે છે.





- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**ગુડ ન્યુઝ**
૮.૫૫, ૯.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૪.૪૫, ૫.૩૦, ૬.૧૫, ૭.૪૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫
**દબંગ-૩**
૧૦.૦૫, ૧.૧૫, ૪.૨૫, ૭.૪૦, ૯.૫૫
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૨.૨૫, ૧૦.૪૫
**મર્દાની-૨**
૧૨.૧૦, ૭.૩૫
**પતિ પત્નિ ઔર વો**
૯.૩૦, ૫.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**ગુડ ન્યુઝ**
૮.૫૫, ૯.૫૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૪૫, ૨.૪૫, ૩.૪૫, ૪.૪૫, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૮.૪૫, ૯.૪૫, ૧૦.૪૫
**દબંગ-૩**
૯.૩૫, ૧૨.૪૫, ૩.૫૫, ૭.૦૫, ૧૦.૧૫
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૧૦.૦૦, ૭.૪૦
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૧૫
**મર્દાની - ૨**
૧૨.૩૫, ૫.૨૫

**સિટી પલ્સ, કુડાસણ**

**દબંગ-૩**
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (હિન્દી) ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦
**મર્દાની**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫
**પતિ, પત્નિ ઔર વો**
૨.૪૫, ૭.૩૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**ગુડ ન્યુઝ**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**દબંગ-૩**
૯.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૧૨.૦૦, ૬.૦૦
**મર્દાની-૨**
૧.૦૦
**પતિ પત્નિ ઔર વો**
૩.૦૦

## આવતીકાલે વિશેષ એજયુકેશન અને સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમનો સંયુકત વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના કુડાસણ વિસ્તાર ખાતે જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંચાલિત મનોદિવ્યાંગ બાળકોને પધ્ધતિસરની તાલીમ દ્વારા મુખ્યધારામાં જોડવાનો પ્રયાસ કરતી સંસ્થા વિશેષ એજયુકેશન સેન્ટર તથા શહેરના સેકટર-૧૯ ખાતે એચઆઈવી પોઝીટીવ બાળકો માટે કાર્યરત સંસ્થા સેપ્શિયલ ચિલ્ડ્રન્સ હોમનો સંયુકત વાર્ષિકોત્સવ આગામી તા. ૩૧મી ડિસેમ્બર મંગળવારના રોજ આયોજિત કરવામાં આવ્યો છે. આ તૃતીય વાર્ષિકોત્સવ શહેરના સેકટર-૧૭ ખાતે ટાઉનહોલમાં બપોરે ૩ કલાકે યોજાશે. જેમાં બંને સંસ્થાના બાળકો વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરશે. આ બાળકો સાથે તેમના વાલીઓ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

- સ્વ. પરમાર સનીબેન રત્નાભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. આસારામ જેણાભાઈ પંચાલ, ઉ.વ. ૭૨
- સ્વ. વાઘેલા શૈલેન્દ્રસિંહ કાનાજી, ઉ.વ. ૪૫
- સ્વ. ગોસ્વામી નીહારીકાબેન જયપુરી, ઉ.વ. ૨૭